ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૬ ડીગ્રી
ભેજ : સવારે ૮૯ ટકા ● સાંજે ૭૬ ટકા
૨૪ કલાક દરમિયાન વરસાદ ૬ મી.મી.
સીઝનનો વરસાદ ૬૬ મી.મી.

# સિવિલના ઓપરેશન થિયેટરમાં પણ હવે ગટરના પાણી ટપકે છે..!!

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નવા બિલ્ડીંગના પાંચમા માળે આવેલ સર્જરી ના ઓપરેશન થિયેટરમાં છેલ્લા બે સપ્તાહથી ઓટી ટેબલ પર ગટરના ગંદા પાણી પડતા દર્દીઓના ઓપરેશન મોકુફ રાખવાની ફરજ પડી છે. ત્યારે ઓટી માં રાખવામાં આવેલા સર્જરી વિભાગના મોંઘાદાટ મશીનોને પણ નુકશાન થવાની ભિતી સેવાઈ રહી છે. ત્યારે તંત્ર દ્વારા સત્વરે યોગ્ય કરવા લેખિત રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલને કરોડો રૂપીયાના ખર્ચે કોર્પોરેટ લુક આપી અત્યંત આધુનિક બનાવાઈ છે. છતા પણ સિવિલ સર્કુલમાં સમસ્યાઓનો અંત આવતો નથી. સંકુલમાં એક સાંધો ત્યાં તેર તુટે તેવો ઘાટ સર્જાયો છે. દર્દીઓને પ્રાથમિક સુવિધા પ્રાપ્ત થતી નથી. છેલ્લા એક વર્ષથી વધુના સમયથી સીટીસ્કેન મશીન બંધ હાલતમાં છે. એકસ-રે અને સોનોગ્રાફી માટે દર્દીઓને લાંબી લાઈનમાં કલાકો સુધી રાહ જોવી પડે છે. જેને પગલે કેટલીકવાર દર્દીઓમાં પણ તુતુ મેંમેં ના દશ્યો સર્જાય છે. આટલી બધી મુસીબત ઓછી હોય તેમ સિવિલની નવી બિલ્ડીંગમાં પાંચમા માળે કાર્યરત સર્જરીકલ ઓપરેશન થિયેટરમાં છેલ્લા ૧૫ દિવસથી ગટરના ગંદા પાણી ઓટી ટેબલ, લાઈટ, તેમજ મેઈન વર્કીંગ ચેનલ પર પડે છે. સતત પડતા પાણીને પગલે ઓપરેશન થિયેટરમાં રાખવામાં આવેલ આધુનિક ઉપકરણનોને પણ નુકશાન થવાની ભિતી સેવાઈ રહી છે. ઓટીમાં જીવાણુનાશન કરવાની કામગીરી મેઈનટેઈન થતી ન હોવાથી અત્યારે હાલના સમયે સર્જીકલ ઓપરેશન થિયેટરમાં સર્જરી કરી શકાય તેમ નથી. તેથી તંત્રને દર્દીઓના ઓપરેશન મોકુફ રાખવાની ફરજ પડી છે. ત્યારે હોસ્પિટલ તંત્રને આ અંગે લેખિત રજુઆત કરવામાં આવી છે. ત્યારે દર્દથી કણસી રહેલા દર્દીઓ સારવાર માટે આવે છે પરંતુ ઓપરેશન થિયેટર બંધ હોવાથી તારીખ પે તારીખ લઈને ઘરે પરત ફરે છે.જેથી દર્દીઓમાં પણ ભારે રોષ ફેલાયો છે. ત્યારે સર્જરી ઓપરેશન ઝડપી કાર્યરત થાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# સે-૩માં રાત્રી દરમિયાન પેટ્રોલ ચોરો સક્રીય

## પોલીસ તંત્ર દ્વારા પેટ્રોલીંગ સઘન બનાવાય તેવી માંગણી

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરના આંતરીક માર્ગોની સ્ટ્રીટ લાઈટો બંધ રહેતા નાગરીકોને ચોરીનો ભય સતાવી રહ્યો છે. સેકટરના રહેણાંક મકાન પાસે રહેલા વાહનોમાંથી પેટ્રોલ, ટાયર, બેટરી સહિતની ચોરી થવાના બનાવ પ્રકાશમાં આવી રહ્યા છે. ત્યારે ચોર ઈસમો રાત્રીના અંધકારનો લાભ ઉઠાવી રફુચક્કર થઈ જાય છે. ત્યારે સેકટરના માર્ગોની આસપાસના વિસ્તારમાં રાત્રી પેટ્રોલીંગ સઘન બનાવવા વસાહતીઓમાં લોકમાંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેરમાં ચોરીના બનાવોના કિસ્સા વધુ પ્રમાણમાં સામે આવી રહ્યા છે. ચોમાસાની સિઝનમાં રાત્રી પડતા જ માર્ગો સુમસામ બની જાય છે. ત્યારે શહેરના મુખ્યમાર્ગો અને સેકટરોના આંતરીક માર્ગો પરની લાઈટો ડુલ થઈ જતા અંધારપટની સ્થિતિ સર્જાય છે. જેને પગલે રાત્રીના સમયે ચોર ઈસમો પોતાની કળા કરી જાય છે. સે-૩માં અંધારાનો લાભ લઈ વસાહતીઓના વાહનોમાંથી પેટ્રોલ, ટાયર, બેટરી સહિતની ચીજવસ્તુઓ ચોરી થવાના વધી રહ્યા છે. ત્યારે રાત્રીના સમયે ચોરીનો ભય વધતા નાગરીકોને ઉંઘ પણ ઉડી ગઈ છે. ત્યારે રાત્રીના સમયે સેકટરોના આંતરીક માર્ગો પર પોલીસ તંત્ર દ્વારા પેટ્રોલીંગ સઘન બનાવાય તેવી વસાહતીઓની લાગણી અને માંગણી છે.

## @ગાંધીનગર

● શ્રી એસ.આર.પી. ગ્રુપ દ્વારા તાવરિયાજી નિર્દિષ્ટ લયબધ્ધ શ્વસન ક્રિયા કાર્યક્રમ સવારે ૮ થી ૯ કલાક દરમિયાન યોગ હોલ જુના સચિવાલય બ્લોક નં. ૮ની પાછળ યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગરના સેકટર-૧૭માં એકિઝબીશન હોલ ખાતે ટેક્ષટાઈલ ઈન્ડિયા ૨૦૧૭નો વડાપ્રધાનના હસ્તે શુભારંભ થઈ રહ્યો છે. આ એક્સ્પોના પગલે શહેર ફરી એકવાર પોલિસ છાવણીમાં ફેરવાયું છે. જયારે બીજી તરફ નગરના સામાન્ય નાગિરકો આ કાર્યક્રમમાં શું છે તે બાબતે એકબીજાને પુછી જાણકારી મેળવવા પ્રયત્ન કરી રહ્યા છે.

● સમગ્ર જિલ્લામાં વરસાદી માહોલના પગલે ખેડૂતોમાં ખુશીની લહેર વ્યાપેલી દેખાય છે. આ સાથે રહેણાંક વિસ્તારોમાં મચ્છરો સહિતના જીવજંતુઓનો ઉપદ્રવ વધતા રહીશો પરેશાન થઈ રહ્યા છે.

● તા. ૧લી જુલાઈથી દેશભરમાં ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ જીએસટીનો અમલ થઈ રહ્યો હોવાને પગલે શહેરીજનોમાં ભારે અવઢવ ફેલાયેલી જોવા મળી રહી છે. શહેરીજનોના મોબાઈલ પર તા. ૧લીથી બેંકોમાં ૧૮ ટકા સર્વિસ ચાર્જ લાગુ પડવાના મેસેજ પ્રાપ્ત થવા સાથે સોશિયલ મિડીયા પર જીએસટી માટે નકારાત્મક સંદેશાની ભરમાર વચ્ચે નગરજનો ચિંતિત જણાઈ રહ્યા છે.

# ગાંધીનગરની કોલેજોમાં ડ્રગ્સ-નશાખોરી વિરોધી અભિયાન છેડાયું

## નાર્કોટિકસ કન્ટ્રોલ બ્યુરોનો રથ ફેરવીને વિદ્યાર્થીઓને ડ્રગ્સ-નશાખોરીથી દૂર રહેવાના શપથ લેવડાવાય છે રાજય વ્યાપી અભિયાનનું સમાપન તા. ૯મી જુલાઈએ અમદાવાદમાં વિશાળ બાઈક રેલી સાથે થશે

ગાંધીનગર, તા.૨૯

ભારત સરકારના નાર્કોટિકસ કન્ટ્રોલ બ્યુરોના ગુજરાત એકમ દ્વારા રાજયભરના યુવાનોને ડ્રગ્સ તથા અન્ય નશાખોરીથી દૂર રહેવા જાગૃત કરવાનું અભિયાન છેડવામાં આવ્યું પાડવામાં આવી રહ્યું છે.

નાર્કોટિકસ કન્ટ્રોલ બ્યુરો દ્વારા આ મુહિમ તા. ૨૬મી જુન 'ઈન્ટરનેશનલ ડે અગેઈન્સ્ટ ડ્રગ્સ ટ્રેડ એન્ડ ડ્રગ્સ ટ્રાફિકિંગ'ના દિવસથી પ્રારંભ કરવામાં આવી છે. જે તા. ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન કોલેજો જેવી કે બીસીએ કોલેજ તથા એલડીઆરપી કોલેજ ઉપરાંત સરકારી વિજ્ઞાન કોલેજ અને આઈટીઆઈ કોલેજમાં પણ નાર્કોટિકસ કન્ટ્રોલ બ્યુરોનો રથ નિફ્ટ કોલેજમાં પણ મુલાકાત લઈ ચુકયો છે અને બાકીના દિવસોમાં શહેરની તમામ કોલેજને તેમાં આવરી લેવામાં આવશે. આ ઉપરાંત બ્યુરો દ્વારા વિવિધ શૈક્ષણિક સંસ્થાનોમાં 'ભારતની યુવા પેઢીને ડ્રગ્સની નશાખોરીથી દૂર રાખવા અને ડ્રગ્સ સેવનના દૂષણથી થતા નુકસાનને સમજાવી તે અંગે વિદ્યાર્થીઓને જાગૃત કરવા રાજય વ્યાપી





છે. આ અભિયાન અંતર્ગત ગાંધીનગરની વિવિધ કોલેજમાં નાર્કોટિકસ કન્ટ્રોલ બ્યુરોનો રથ ફરી રહ્યો છે અને વિદ્યાર્થીઓને ડ્રગ્સ અને નશાખોરીથી થતા નુકસાન અંગે જાગૃત કરી તેનાથી દૂર રહેવાના શપથ લેવડાવી રહ્યો છે. આ સાથે બ્યુરો દ્વારા શહેરની કોલેજોમાં સેમિનાર યોજી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરું ૯મી જુલાઈના રોજ અમદાવાદમાં ૧ હજાર બાઈક સવારની રેલી સાથે સમાપન થશે. આ પ્રસંગે નાર્કોટિકસ કન્ટ્રોલ સોસાયટીના બ્રાન્ડ એમ્બેસેડર બોલીવુડ સુપરસ્ટાર અક્ષયકુમાર ઉપસ્થિત રહેશે અને આ અભિયાન દરમિયાન ચલાવાયેલ સ્લોગન કોમ્પિટીશનના વિજેતાને સન્માનશે. આજે ગયો હતો અને વિદ્યાર્થીઓને ડ્રગ્સથી દૂર રહેવાના શપથ લેવડાવ્યા હતા. આ અભિયાન દરમિયાન જે યુવા વિદ્યાર્થીઓ ડ્રગ્સ તથા અન્ય નશાખોરીથી દુર રહે છે તેમને અક્ષયકુમારની તસવીરવાળુ 'થેંકયુ કાર્ડ' આપવામાં આવી રહ્યું છે. અગાઉ આ રથ પીડીપીયુ કોલેજ, ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટયુટ અને યોજવામાં આવતા માર્ગદર્શન સેમિનાર્સમાં પણ આજે ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ડ્રગ્સથી થતા નુકશાન અંગે જાણકારી પ્રાપ્ત કરી હતી.

નાર્કોટિકસ કન્ટ્રોલ બ્યુરોના ડાયરેકટર હરિઓમ ગાંધીએ ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, અભિયાન છેડવામાં આવ્યું છે. આ અભિયાનમાં વિદ્યાર્થીઓ જાતે તેને રથ થકી આગળ ધપાવવાનું કાર્ય કરે છે તથા બ્યુરોના નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન સેમિનાર્સ યોજીને યુવાનોને નશાખોરીથી દૂર રહેવા પ્રેરિત કરવામાં આવે છે.'

### સ્લોગન સ્પર્ધા વિજેતાને અક્ષયકુમારના હસ્તે ઈનામ

નાર્કોટિકસ કન્ટ્રોલ બ્યુરોનો રથ કોલેજમાં જઈ વિદ્યાર્થીઓને ડ્રગ્સ સેવન તથા નશાખોરીથી દૂર રહેવા સમજાવે છે. આ રથ સ્ટુડન્ટ લીડરો દ્વારા ચલાવાય છે અને જે વિદ્યાર્થીઓ નશાખોરી તથા ડ્રગ્સથી દૂર રહે છે તેમને 'થેન્ક યુ' કાર્ડ આપવામાં આવે છે. આ સાથે વિદ્યાર્થીઓ પાસે ડ્રગ્સ વિરોધી સ્લોગન સ્પર્ધામાં ભાગ લેવડાવવામાં આવે છે. આ સ્પર્ધાના વિજેતાને તા. ૯મીએ અક્ષયકુમારના હસ્તે સન્માનવામાં આવશે.

# એલ.સી.બી ની ટીમે વધુ એક બાઈક ચોરને પકડી પાડયો

## ત્રણેક વર્ષ પહેલા વિસનગર પાસેથી બાઈક ઉઠાવ્યું હતુ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર એલ.સી.બીની ટીમે સેક્ટર – ૨૮ના બગીચા પાસેથી વધુ એક બાઈક ચોર ને દબોચી લીધો છે. સેક્ટર – ૨૮ ગાર્ડન પાસે ટીમ પેટ્રોલીંગમા હતી ત્યારે એક શકમંદ દેખાઈ આવ્યો હતો. આ શખ્સને પકડી તેની પાસેના બાઈક અંગે પુછપરછ કરતા આ બાઈક ત્રણેક વર્ષ અગાઉ વિસનગર વિસ્તારમાંથી તેને આ બાઈક ઉઠાવ્યુ હોવાનુ ખુલ્યુ છે. એલ.સી.બીની ટીમે તેની ધરપકડ કરી લઈ ઉંડી પુછતાછ શરુ કરી છે.



ગાંધીનગર એલ.સી.બી પી.આઈ જે.ડી.પુરોહીતની ટીમનાં પી.એસ.આઈ કૃણાલ પટેલ તથા સ્ટાફનાં માણસો સે-૨૮ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન સે-૨૮ ગાર્ડન પાસેથી એક શંકાસ્પદ શખ્સને બાઈક સાથે પકડી પાડ્યો હતો. પ્રાંતિજ તાલુકાનાં રાસલોડ ગામમાં રહેતા અલ્પેશ ઉર્ફે રણજીત જગત ચૌહાણને પકડી પાડી તેની પુછપરછ કરતા આજથી ત્રણેક વર્ષ પહેલા વિસનગરની એક સોસાયટીમાંથી તેણે બાઈક ઉઠાવ્યુ હતુ. એક સોસાયટી પાસેથી પસાર થતો હતો ત્યારે તેણે આ બાઈક લોક માર્યા વગરનું જોયુ હતુ અને ત્યાથી બાઈક ઉઠાવી લીધુ હતુ. બાઈક ચોરી કરીને નંબર પ્લેટ બદલી નાંખીને બાઈક ફેરવતો હોવાનુ ખુલતા ચોરીનું બાઈક જપ્ત કરી લઈને એલ.સી.બી ની ટીમે બાઈક ચોરની ધરપકડ કરી વધુ તપાસ શરુ કરી છે.

## આઈ લવ માય ગાંધીનગર



**આલોકસિંહ રાજપૂત**

**ગાંધીનગર ગમે**

સુંદર અને શિક્ષિત, સંસ્કારી લોકોનું શહેર તેમજ પ્રવૃત્તિઓથી ધમધમતું હોવાનો કારણે ગાંધીનગર ખૂબ ગમે છે.

**નગરજનો**

કલા અને સંસ્કૃતિપ્રેમી નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, અક્ષરધામ-આર્ષ, ગ્રો ફાઉન્ડેશન ઉપરાંત જી ઈ કલબ દ્વારા કરવામાં આવતી કલા, સેવા પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

યુવાનોનો સહયોગ લેવામાં આવે તો શહેરને બહેતર બનાવી શકાય તેમ છે.

**નગર માટે હું કરી શકું**

વ્યક્તિત્વ વિકાસના ઉપક્રમો માટે મારી સહાય આપવા માટે હું તૈયાર છું.

# સંગીત કલાગુરૂ પિનાકીન વ્યાસના જન્મદિવસે શિષ્યોની સંગીત મહેફિલ

ગાંધીનગર, તા.૨૯

શાસ્ત્રીય સંગીત અને વાદન ક્ષેત્રે પોતાની કલાથી અને વાદનથી જેઓ ગાંધીનગરમાં આગવું નામ



ધરાવે છે એવા પિનાકીન વ્યાસનો જન્મદિવસ એમના શિષ્યોએ સંગીતની મહેફિલ આયોજીત કરી વિશેષ રીતે મનાવ્યો હતો.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં જેમના સંગીત અને ગાયનની નોંધ લેવાય છે એવા શિષ્ય ધર્મેશ દરજીએ આ સમગ્ર કાર્યક્રમની રૂપરેખા ઘડી હતી. ઢોલક પર રમેશ પંડયા, ગિટાર પર નિસર્ગ ચૌધરી, ઓકટોપેડ પર જયેશ ચૌહાણ અને કિબોર્ડ પર ધર્મેશ દરજીએ સુંદર રિધમ સાથે માત્ર પિનાકીન વ્યાસના શિષ્યોના અવાજમાં ગીતો પ્રસ્તુત થયા. તબલા પર અદભૂત સંગત કરનાર દીપ વ્યાસ એ પિનાકીન વ્યાસનો દીકરો છે એવું છેક છેલ્લે ખબર પડી.

દમાદમ મસ્ત કલંદર અને છાપ તિલક સબ છીની જેવા મસ્ત ગીતો પ્રેરણા તિવારી અને જેની વૈષ્ણવે ગાયા તો પૂર્વેશ દરજી, હેલી, ઉન્નતી, સાહિલ રામી, નિસર્ગ ચૌધરી વગેરેએ પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા, છાનું રે છપનું, પાનખરની બીક ન બતાવો, મન મોર બની.. જેવા ગીતો પ્રસ્તુત કર્યા હતા. આ કાર્યક્રમમાં ગાંધીનગર સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત વિશેષ આમંત્રિત હતા. જયારે સંગીતના વિશેષ નામ અનિલ ધોળકીયા અને તેજસ ધોળકીયાએ હાજર રહી આંખનો અફીણી ગાઈ મોજ કરાવી જયારે કાર્યક્રમના અંતમાં ખુદ પિનાકીન વ્યાસે રાગ મિયાં મલ્હાર પર આલાપ છેડી જલસા કરાવ્યા. શિષ્યો દ્વારા સંગીત મહેફિલ દ્વારા જન્મદિવસની ઉજવણી યથાર્થ કરી ગઈ.



ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં સાબરમતી આશ્રમનો શતાબ્દી મહોત્સવ ઉજવાઈ રહ્યો છે ત્યારે ચાંદખેડામાં રહેતા કલાકાર મુકેશ પંડયાએ માચિસની સળી અને દોરીનો ઉપયોગ કરીને દાંડીયાત્રાની કલાકૃતિનું સર્જન કરેલ છે.

# સે-૨ પેન્શનર્સ સમાજ દ્વારા ધાર્મિક પ્રવાસનું આયોજન

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના સેકટર-૨માં નિવાસ કરતા પેન્શનર મિત્રોની જુન માસની બેઠક મળી હતી. હાજર સભ્યોમાં સર્વશ્રી સાંકાભાઈ પટેલ તથા શ્રી લાલભાઈ દેસાઈના જન્મદિવસ નિમિત્તે અભિનંદન આપવામાં આવ્યા હતા.

કેન્દ્ર સરકાર તરફથી ૭મા પગાર પંચની ભલામણોના વિકલ્પ-૨ અંગે કરવામાં આવેલ આદેશોની ચર્ચા વિચારણા તથા જાણકારી નિરંજનભાઈ ઓઝાએ આપી હતી. ગુજરાત સરકાર પણ સત્વરે આદેશ કરે તેવી વિનંતી કરવામાં આવી હતી.

સેકટર-૨ના પેન્શનર મિત્રો દ્વારા પવિત્ર શ્રાવણ માસમાં એક રાત્રિ તથા બે દિવસ માટે ધાર્મિક પ્રવાસનું સહકુટુંબ આયોજન કરવામાં આવ્યું છે. વિગતો માટે નિરંજન ઓઝા-૨૩૨૨૫૭૬૫, ડી.પી. સંઘાણી-૨૩૨૩૧૫૧૮, અમીધર જરદોશ-૯૧૫૭૩૪૨૮૯૦, જિતેન્દ્રભાઈ પુરોહિત-૨૩૨૪૬૮૬૫નો સંપર્ક સાધવા જણાવવામાં આવ્યું છે.

સભ્યોને હયાતીનું નિવેદન, આવકવેરાનું રીટર્ન વિગેરે બાબતો માટે પણ સમજણ આપવામાં આવી હતી. બાદમાં શાંતિ મંત્ર બાદ બેઠકનું સમાપન કરવામાં આવ્યું હતું.

## સ્થાનકવાસી જૈન ઉપાશ્રયમાં ચાતુર્માસ મંગલ પ્રવેશ

ગાંધીનગર, તા.૨૯

કચ્છ આઠકોટી મોટ પક્ષના બા.બ્ર. પ.પૂ. સદગુણાજી સ્વામી આદિઠાણા-૨, તા. ૨-૭-૨૦૧૭ ના રોજ સવારે ૯.૦૦ કલાકે આર.ડી. ગાંધીના નિવાસ સ્થાન (પ્લોટ નં. ૧૭૪/બી, આનંદવાટિકા સોસાયટી, સે-૨૨) વિહાર કરી સવારે ૯.૨૦ કલાકે સે-૨૨ સ્થાનકવાસી જૈન ઉપાશ્રયમાં મંગલપ્રવેશ કરશે. શ્રી સંઘના સૌ સભ્યોને વિહારમાં જોડાવા વિનંતી છે. ઉપાશ્રયમાં પૂ. સતીવૃંદનો સ્વાગત/સન્માન સમારોહ ૯.૩૦થી ૧૧.૦૦ કલાક દરમિયાન યોજવામાં આવ્યો છે.

# બી. સી. એ. કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા નેચર વોક

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ - બી.સી.એ. દ્વારા તારીખ ૨૭ અને ૨૮ દરમિયાન અરણ્ય વન ખાતે નેચર વોકનું આયોજન કરવામાં આવ્યું હતું.

નેચર વોક વિષે વધુ માહિતી આપતા કોલેજના ડાયરેકટર ડો. સંજય એમ. શાહે જણાવ્યુ હતું કે આજે વિદ્યાર્થીઓ કમ્પ્યુટર અને તેની ટેકનોલૉજીની સાથે સાથે પ્રકૃતિની નજીક રહે અને "ગ્રીન IT"ના અભિગમને પણ સાકાર કરે તેવા સ્તુત્ય પ્રયાસથી આ નેચર વોકનું આયોજન કરવામાં આવ્યું હતું.

વધુ માહિતી આપતા તેઓએ જણાવ્યુ કે નેચર વોકના માધ્યમ દ્વારા સેમિસ્ટર–૧ના વિદ્યાર્થીઓ એકબીજાનો પરિચય કેળવે તે હેતુથી આ વિદ્યાર્થીઓને Google, FB, Xender, Whatsapp, android, V-Chat, JAVA વગેરે જેવા અલગ અલગ ૧૫ ફેમિલીમાં ડિવાઈડ કરવામાં આવ્યા હતા.



તેઓમાં રહેલી વિવિધ આંતરિક શક્તિઓને ખીલવવા માટે વિવિધ સ્પર્ધાઓનું પણ આયોજન અરણ્ય પાર્ક ખાતે કરવામાં આવ્યું હતું. ઘોંઘાટ ભરી આ જીંદગીની દોડમાં પોતાના આવાજને શાંત કરીને પ્રકૃતિને બોલવા દઈ- વાતાવરણમાંથી ઉદભવતા વૃક્ષો, પાંદડા અને વન્ય પશુ-પંખીઓના આવાજને પણ "નેચર વોક"દ્વારા તેઓએ માણ્યો હતો. "સાથે ભણવું, સાથે રમવું અને સાથે જમવું"ના ઉદેશ્ય સાથે દરેક વિદ્યાર્થીઓ પોતાના ઘરેથી લાવેલ ભોજન અન્ય સાથે શેર કરી– સમૂહ ભોજન કર્યું હતું અને પોતાને થયેલા વિશિષ્ઠ અનુભવોને પણ શેર કર્યા હતા.

નેચર વોકનું સંપૂર્ણ આયોજન ડો. સંજય એમ શાહના માર્ગદર્શન હેઠળ ડો. અભિજીતસિંહ જાડેજા, પ્રો. જૈમિની કુલકર્ણી, પ્રો. મોનિકા પટેલ, પ્રો. વિશાલ પટેલ, પ્રો.રેબેકા જોબદાસ, પ્રો.પૂજા જોશી, પ્રો.મેઘા ભટ્ટ, પ્રો. પ્રિયંકા શાહ, ડો. નિધિ દિવેચા અને પ્રો.જિગ્નેશ પટેલ દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું જેમાં કોલેજના તમામ અધ્યાપક મિત્રોનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

## ચિરવિદાય

- સ્વ. મુનશી કંચનબેન ચંપકલાલ, ઉ.વ. ૭૧
- સ્વ. ગીતાબેન નવઘણજી ઠાકોર, ઉ.વ. ૩૫
- સ્વ. અમીત દિનેશજી ઠાકોર, ઉ.વ. ૧૬
- સ્વ. બિહોલા લીલાબેન ભોજાજી, ઉ.વ. ૬૫
- સ્વ. ગજરાબા વરવાજી ચૌહાણ, ઉ.વ. ૮૫
- સ્વ. પરમાર કંકુબેન જેઠાભાઈ, ઉ.વ. ૯૦
- સ્વ. નાગજીભાઈ મગનભાઈ રબારી, ઉ.વ. ૩૮